Saarth E-Journal

Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.8 No.11

Impact Factor
Quarterly
Jan-Fb-March2023

# ભારતીય સંસ્કૃતિનું નિરૂપણ કરતી પ્રશિષ્ટ કૃતિ - 'તત્ત્વમસિ'

પરમાર વર્ષાબેન કેશરસિંહ

ગુજરાતી નવલકથા સમયાન્તરે પોતાના અનુભૂતિ વિશ્વ અને અભિવ્યક્તિની તરેહો બદલતી રહી છે. નવલકથાનો સર્જક પોતાના સંવેદનને યથાતથ મૂકવા કયારેય સ્વરૂપના ઢાંચામાંથી બહાર નીકળીને પણ કશુંક સર્જનાત્મક સિદ્ધ કરે છે. ધ્રુવ ભટ્ટના નવલકથા સર્જન વિશે વાત કરીએ તો તેમણે લખેલી નવલકથાઓ આ મુજબ છે.

- અગ્નિકન્યા (૧૯૮૮)
- સમુદ્રાન્તિકે (૧૯૯૩)
- તત્ત્વમસિ (૧૯૯૮)
- અંતરાપિ (૨૦૦૧)
- કર્ણલોક (૨૦૦૫)
- અકૂપાર (૨૦૧૧)

ઉપરોક્ત નવલકથાઓને પામવા જાણવા માટે ઉપયોગી હોઇ તેની માહિતી આપી છે. ત્યારબાદ ધ્રુવ ભટ્ટની મહત્ત્વની નવલકથા 'તત્ત્વમસિ' ના વિષયવસ્તુ અને તેના રસસ્થાનોને આપણે વિગતે તપાસ કરીશું.

કોઈપણ સર્જક પોતાનો સર્જનનો પિંડ ક્યાંથી બંધાયો, કેવી રીતે બંધાયોતેનો જાણે - અજાણે અછડતો ઉલ્લેખ પોતાની કૃતિમાં કરી દેતો હોય છે. 'તત્ત્વમસિ' ના થોડાં જ પાનામાંથી પસાર થતાં આ નવલકથા લેખન પાછળનો સર્જકનો આશય પ્રગટ થાય છે. આ નવલકથાનું મહત્ત્વનું પાત્ર સુપ્રિયા ભારતીયનો આ સંવાદ જુઓ :

'...મને એટલું તો લાગે જ છે કે એકાદ પ્રાણી કે પક્ષીની નસલનું અસિતત્ત્વ જોખમમાં પડે તો આખી દુનિયા તેને બચાવી લેવા તૈયાર થઇ જાય છે. કહેવાતા બુદ્ધિજીવીઓ હાંફળા-ફાંફળા બનીને બોલવા લખવા બેસી જાય છે. પૈસા ખર્ચે છે અને વિરોધ પણ કરે પણ માણસની આખી સંસ્કૃતિ તેની પરંપરા તેના જીવનની ધરોહર સમૂળગી નાશ પામે, આખેઆખી વ્યવસ્થા જ ભાંગી પડે તેને પરિવર્તન ગણીને વધાવે આ મને યોગ્ય લાગતું નથી' (પૃ.૬૧)

સર્જકે મૂકેલા સુપ્રિયા ભારતીયના આ સંવાદના સંદર્ભે લગભગ આખી નવલકથાનો પિંડ બંધાયેલો જણાય છે. 'તત્ત્વમસિ' નવલકથાનું વિષયવસ્તુ પાતળુ, કથાના સળંગ પ્રવાહમાં ન ચાલતું હોવા છતાં ઘટનાના અંકડામાં અંકોડા મેળવતાં આખરે તેમાંથી એક સુંદર તથા સ્પર્શક્ષમ સંવેદન સાંપડ્યાનો સંતોષ જરૂર થાય છે, 'તત્ત્વમસિ' નું વસ્તુ સંક્ષિપ્તમાં તપાસીએ તો,

નર્મદા નદીને જ કથન સ્વરૂપે પ્રયોજીને કથાનાયકની પરિવર્તન પામતી માનસિક પાશ્વાદભૂમાં સર્જકે ભારતીય સંસ્કૃતિની કંઇક નૂતન ઓળખ આપે તેવાં પાત્રો, સ્થળ, સમય, વાતાવરણ અને પ્રસંગોની ગૂંથણી કરી છે. અમેરિકાના માનવ સંશાધન વિષયનાં રંગે રંગાયેલા નાયક કથાના અંતે ઝાડેશ્વરથી આદિવાસી કલ્યાણ કેન્દ્ર સુધી પગપાળા જતા અહંવિગલન પામી આદિવાસી વિસ્તારમાં ફરતાં તેણે લખેલી ડાયરી, પત્રો, ફોટોગ્રાફ, નદીતટના પથ્થર ઉપર મૂકી જતો રહે છે.' ઋણ સ્વીકારવાની પરંપરા અનુસાર તે થાપણને નર્મદા પોતે જ ડાયરીમાંથી નાયકની કથા કહે તેઓ ઉપક્રમ અહીં સર્જકે યોજ્યો છે. એ રીતે જોતાં અહીં બેવડું કથનકેન્દ્ર મળે છે. એક કથનકેન્દ્ર છે તે નાયકની શૈશવથી માંડી કથનના અંત સુધીની તેની અનેકવિધ પ્રવૃત્તિઓની સાક્ષી બન્યા કરતી તે નાયકના અનુભવોને ઝીલતી ડાયરી જેના ખોળે મુકાઇ છે તે નર્મદા નદીનું, અને બીજું કથનકેન્દ્ર તે ડાયરીના પાનાઓ પર પોતાના વિચારો અને અનુભવો આલેખતા નાયકનું આ રીતે કથનકેન્દ્રમાં કથનકેન્દ્ર આ નવલકથાનાં વસ્તુસંકલનની આગવી વિશેષતા છે.

'તત્ત્વમસિ' નવલકથાની શરૂઆત ભૂખ અને થાકથી બેશુદ્ધ બનેલા નાયકને 'લે ખાઇ લે' જેવા સ્વયં નર્મદાના સંવાદથી થાય છે, આ વાક્યથી વસ્તુમાં સર્જક સીધો જ પ્રવેશ કરાવી પછીથી તરત નાયકના અતીતમાં લઇ જાય છે.

નાયક મુંબઇમાં જન્મેલો, માતાના મૃત્યુ પછી થોડો સમય કચ્છમાં નાનીમાને ત્યાં રહેલો ને પછી પંચગીની મિશનરી સ્કૂલમાં ભણેલો, અઢાર વર્ષ વિદેશમાં રહીને પ્રો. રુડોલ્ફના કહેવાથી આદિવાસી સંસ્કૃતિના અભ્યાસ માટે ભારત પાછો ફરેલો નાયક સાચો સંશોધક અને પ્રખર બુદ્ધિશાળી છે. વતન પ્રત્યે જરાપણ મમત્વ ને આકર્ષણ ન ધરાવતા આ નાયકને પ્રો. રુડોલ્ફે ભારત જઇ આદિવાસીઓ વચ્ચે રહી તેમની રોજબરોજની જીવનશૈલી, રીતભાત વગેરે ડાયરીમાં નોંધવી અને તેની નકલ પોતાને મોકલતા રહેવાનું કામ સોપ્યું છે. અઢાર વર્ષના અમેરિકાના વસવાટ દરમિયાન પોતાના ચિત્તમાં અનેક આધુનિક વિચાર વલણોની સાથે મુંબઇથી ભોપાલની ગાડીમાં સુપ્રિયા આદિવાસી કેન્દ્રમાં આવવા નીકળી પડે છે. ગાડીમાં સહયાત્રી તરીકે એક ડોશી તથા એક મુસ્લિમ સાથે તેનો પરિચય થાય છે. ગાડીની એક જ વ્યર્થ ઉપર નમાઝ અદા કરતા વૃદ્ધ તથા માળા ફેરવતા માજીને જોઇને નાયકના મનમાં પ્રશ્ન થાય છે - 'એવું શું છે આ મનુષ્યોને એક પ્રજા તરીકે ટકાવી રાખે છે ?' (પૃ.૯) પરંતુ તરત જ આ કામ મારું નથી એમ વિચારી અલિપ્ત થઇ આગળ વધે છે. આગળ જતા નાયકને એક પથ્થર પર 'મુનિ કા ડેરા', 'બિત્તુ બંગા, અને 'શ્વાનમંડળ'ની આકૃતિને મળતી આવતી 'વ્યાધના તારા' ની આકૃતિ અંકિત થયેલી નજરે પડે છે, તેના વિશે લ્યુસી તથા પ્રો. રુડોલ્ફને પણ પત્ર દ્વારા જણાવે છે. વચ્ચે વચ્ચે ગુપ્તાજી, પાર્વતીમા વગેરે સાથે તેનો પરિચય પણ થતો જાય છે.

નવલકથામાં આગળ જતાં નાયક આદિવાસી કેન્દ્રથી જબલપુર જવા નીકળે છે ને ગરનાળા પરથી ગબડી પડે છે અને પહોંચે છે શાસ્ત્રજીની પાસે શરીરમાં વધારે ઈજા ન થઇ હોવાથી હોસ્પિટલમાં જવાના બદલે કિકા વૈદ્ય દ્વારા જ તેનો ઇલાજ કરવામાં આવે છે. તેમની ખબર પૂછવા ગુપ્તાજી, પાર્વતીમા, સુપ્રિયા પણ આવે છે. તે સમયે શાસ્ત્રીજી ગુપ્તાજીને ધર્મ અને સંસ્કૃતિ વિશેની પોતાની સમજ પ્રમાણેની ઉચ્ચ કોટિની ફિલસૂફી સમજાવે છે. જે સાંભળી નાયક સ્તબ્ધ બની જાય છે. અને અંધશ્રદ્ધાને ધર્માંધતાથી પીડાતી આદિવાસી જાતિને સુધારવાની તે ચર્ચા

કરે છે. નાયકનો ભેટો આગળ જતા ગંડુ ફકીર સાથે થાય છે. ત્યાં વૃદ્ધ અને નિર્ધન આદિવાસીઓની લાગણીઓને માન આપી મહુડા અને મીઠાની મિજબાની માણે છે કિકા વૈદ્યને મળી પાછો ફરતાં નાયક બાબરિયા અને લોટિયાને મળે છે. તેમની પાસેથી નાયકને 'જિંદાસાગબાગ' નો દંતકથા સમાન ઈતિહાસ અને રાણીગુફાનો પરિચય મેળવી રોમાંચિત બને છે.

આગળ જતા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી લક્ષ્મણ નામનો એક યુવાન નાયકના સપના -સમી મધમાખી ઉછેર યોજવાની માહિતી લઈને આવે છે. આ માટે તે ચર્ચાઓ, ગોષ્ઠિઓ કરી લોકોને તેમાં જોડાવાની પ્રેરણા આપે છે. પ્રથમ તેનો વિરોધ થાય છે પણ પછીથી લક્ષ્મણ શર્માની વ્યવહારકુશળ બુદ્ધિ ને સમજણથી ધીમે ધીમે લોકો તેમાં જોડાય છે. આ પ્રસંગ પત્ર દ્વારા નાયક સુપ્રિયાને જણાવે છે જેમાં તે માનવને સંશાધન તરીકે જ ઉલ્લેખે છે, જેના જવાબમાં સુપ્રિયા સર્વ અનુભવમાંથી પસાર થયા બાદ 'માણસ સંશાધન નથી તે હવે સમજાયું હશે' એવો કટાક્ષ નાયક સમક્ષ કરે છે. અહીં સુપ્રિયાના માતા-પિતા, સુરેશ, બિતુ, બંગાની મા નારદીનો ફોટો, જોગાના સામાનમાંથી મળી આવે છે. આ ઉપરાંત જોગા પાસેથી તે નારદી અને સાઠ સાલીઓના દેવ વિશેની તૂટક તૂટક માહિતી મેળવે છે. આમ, ધીમે ધીમે નાયકની જિજ્ઞાસા વધતી જાય છે.

બિલેશ્વરના વનોનો પ્રસંગ પણ અહીં આસ્વાદ્ય બને છે. બિલેશ્વરનાં વનોમાં આગ લાગતાં સુભાષ બક્ષી નામના જંગલ સંરક્ષણ અધિકારીના સંચાલન હેઠળ નાયક અને આશ્રમના કેટલાક સ્વયંસેવકો બચાવ કામગીરીમાં જોડાય છે. આ કામગીરીમાં બિલેશ્વર શાળાના વિષ્ણુ માસ્તરની પત્ની વિદ્યા બચાવ કામગીરી માટે આવેલા નાયક અને સ્વયંસેવકોનું કાળજીપૂર્વક જતન કરે છે. વિદ્યાના આવા આતિથ્યપૂર્ણ વ્યવહાર અને સાર-સંભાળ ભારતીય આર્યનારીનો પરિચય કરાવે છે.

નવલકથાના આગળના ઘટનાપ્રવાહમાં નાયક અને લ્યુસી વચ્ચે આવેલા રેતીના ટાપુ પર ફરવા નીકળે છે. જ્યાં બંને પોતપોતાના અનુભવોની વાતો કરે છે જેમાં ગંડુ ફકીર પણ જોડાય છે. ગંડુ ફકીરે કરેલી નર્મદા સાક્ષાત્કારની વાત સાંભળી લ્યુસી એ પરિક્રમા કરવાનું જણાવે છે અને અંતે નાયક તથા લ્યુસી નર્મદાનું સહુથી ઊંચા પ્રપાત કપિલધારાને જોઈને અભિભૂત થાય છે પછી પીપળાનું વૃક્ષ તેની ઉપયોગિતા વગેરે વિશે માહિતી મેળવે છે.

નાયકની હવેની અવઢવ કેન્દ્રએ રોકાવું કે નહીં તે છે ને મુંબઇ જતી લ્યુસીને સાગરસંગમ જોવાની ઇચ્છાને પુરી કરતા ભરૂચ સુધી મૂકવા જાય છે. પાછા ફરતા પોતાના પૈસા ચોરાઇ જતા પોતે પરકમ્માવાસી સમજીને ઝાડેશ્વરીથી આદિવાસી કલ્યાણકેન્દ્ર સુધી ચાલતા જ જવાનો નિર્ણય કરે છે. વળી, રસ્તામાં આદિવાસીઓ દ્વારા લુંટાય છે ત્યારે તેને કાળાઓ દ્વારા 'અર્જુન લૂંટ' નો પ્રસંગ સાંભરે છે. માત્ર કંતાનની લંગોટી પહેરેલો નાયક ભૂખ અને થાકથી ત્રીજા દિવસે સવારે એક પણ ડગલું ચાલવા અસમર્થ બની કિનારાની રેતીમાં ઢળી પડે છે. જયારે તે આંખો ખોલે છે ત્યારે ઘાઘરી-પોલકું પહેરેલી એક નાનકડી ગ્રામ કન્યા મકાઈનો ડોડો આપતી 'લે ખાઇ લે' બોલે છે. નાયક પૂછે 'છે તું કોણ છે ?' ત્યારે તેના પ્રશ્નના જવાબમાં બ્રહ્માંડના બીજા છેડાથી આવતા હોય તેવા ઝાંખા છતા દિશાઓને ભરી દેતા નાદ જેવા શબ્દો સંભળાય છે. 'રે... વા'... આમ, નાયકના નર્મદા સાક્ષાત્કારના આવા પ્રસંગની નવલકથા વિરમે છે.

આ નવલકથામાં પાત્રસૃષ્ટિ વિરલ છે. અહીં અનામી નાયકની સાથે સાથે સુપ્રિયા, ગંડુ ફકીર, શાસ્ત્રીજી, ગુપ્તાજી, બિત્તુબંગા જેવા પાત્રો પોતપોતાની આગવી ઓળખ આપે છે. તો સાથે સાથે આદિવાસી પ્રજાનું ચરિત્રચિત્રણ પણ આસ્વાદ્ય બન્યું છે. આ નવલકથાની આમ સમગ્ર પાત્રસૃષ્ટિ નવલકથાના વાતાવરણ તેમજ વિષયવસ્તુને ઉપકારક બને છે અને ગૌણ પાત્રો પણ અહીં નાની-મોટી પણ મહત્ત્વની કામગીરી બજાવી અ[1]શ્ય

થાય છે. ચરિત્રચિત્રણના સંદર્ભમાં ઉષા ઉપાધ્યાય નોંધે છે. તેમ આ 'તત્ત્વપ્રધાન કૃતિ જો નવલકથાનું કળારૂપ પામી શકી હોય તો એનું કારણ તેના ચરિત્રની કોટિએ પહોંચતા પાત્રો છે.'

'તત્ત્વમસિ' નવલકથાનો સમગ્ર પરિવેશ દેશી-આદિવાસી જનજીવનનો છે. સંવાદો પણ હિંદી સાથે હળેલા-ભળેલા આદિવાસી બોલીના છે. સર્જકે કરેલાં કેટલાંક વર્ણનોને સંવાદો નૈસર્ગિક વાતાવરણને પ્રગટાવવામાં ઉપયોગી બને છે. જેમ કે,

'પથ્થરો વચ્ચેથી વહી જતું શુદ્ધ પારદર્શક પાણી, શાંત અરણ્યો અને પ્રભાતનો કુણો તડકો, સામે છેડેથી એક નોળિયો પાણી પીવા ઊતર્યો, મેં ગોળામાંથી કેમેરો કાઢયો. નોળિયો ઝોરણાના કિનારે નાના પથ્થર પર બેઠો. આગળના પગ અને શરીરને ઊંચા કરીને એણે આસપાસ જોયું અને પછી નીચા નમીને ઝરણામાં મોઢુ બોળીને તરત જ ચપળતાથી પાછો ઘાસ પાછળ અદૃશ્ય થઇ ગયો !

'અરણ્યોની સવાર આવી. સહુથી પ્રથમ સાગ બાળના સૌંદર્ય મુગટ સમા પુષ્પગુચ્છ સૂર્યપ્રકાશને ઝલતા ઝળહળી ઊઠે અને પછી તડકો ઊતરવા માંડે ખીણ તરફ, ધુમ્મસથી ઢબુરાયેલી ખીણો ધીમે ધીમે જાણે પંખીઓનો કલરવ વાતાવરણને ભરી દે, પછી થોડી પળોમાં આ સમગ્ર પ્રકૃતિને માનવ સ્પર્શ આપે તો વનવાસીઓનો લયસભર ધ્વનિ વહેતો થાય'

આમ, આવાં તો અનેક વર્ણનો ચિત્રાત્મકતા તો ઊભી કરે જ છે તો સાથે સાથે ભાવકને સાદ્યાંત જકડી-પકડી રાખે છે.

'તત્ત્વમસિ' નું ભાષાપોત ભાતીગળ છે. સર્જકની ભાષાસમૃદ્ધિ અહીં પાત્રો, પ્રસંગો તથા વર્ણનો પરથી પ્રગટે છે. કેટલાંક દૃષ્ટાંતો તપાસીએ.

- 'ચલે જાઓ સબ, ફકીર ધોકા નહીં કર સકતા જાઓ ચલે જાઓ'
- 'છોકરાની ચિંતા કરતાં, હું બાર વરહની બેઠી છું'
- 'પુરીયા ડાકીન ભઈલી હો ઓઓ...'
- 'આદિ નિરંજન અકળ સરૂપ રામજી લિયે ખેલત હય'

આમ, વસ્તુસંરચના, ચરિત્રચિત્રણ, વાતાવરણ, ભાષાકર્મ, વર્ણનશૈલી વગેરેના સુંદર સંયોજન વડે આખી સંસ્કૃતિનું ચિંતન 'તત્ત્વમસિ' માં સર્જક સિદ્ધ કરી શક્યા છે. 'તત્ત્વમસિ' એટલે 'તે તું છો' જે શ્વેતકેતુને ઉપદેશરૂપે કહેવાયું છે. આ શીર્ષક આથી જ આ નવલકથા માટે સંપૂર્ણ સાર્થક બને છે. વળી, 'ગણદેવતા' કે 'આરોગ્ય નિકેતન' જેવી વ્યાપક જનસમૂહને કેન્દ્રમાં રાખતી બંગાળી નવલકથા 'સંસ્કાર' જેવી કન્નડ નવલકથાની જેમ ધ્રુવ ભટ્ટની 'તત્ત્વમસિ' નવલકથા પણ ભારતીય સંસકૃતિના પ્રાણતત્ત્વને ઉજાગર કરી બતાવે છે. આ સંદર્ભે મીરાં ભટ્ટ નોંધે છે !

'શ્રી ધ્રુવભાઇ ભટ્ટનું પુસ્તક 'તત્ત્વમસિ' મને આજ કારણસર અત્યંત વહાલું થઇ પડ્યું છે કે એમાં પાને પાને ભારતીય સંસ્કૃતિનું વિવિધ ઝાંય જોવા મળે છે.'

આથી જ અંતે કહી શકાય કે 'તત્ત્વમસિ' નવલકથા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતી એક પ્રશિષ્ટ અને સંપૂર્ણ રીતે સફળ થયેલી નવલકથા કહેવામાં આવી છે.

❖ **સંદર્ભ સુચિ**


૧) ભટ્ટ ધ્રુવ, **'તત્ત્વમસિ' નવલકથા,** ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ - ૧, ૧૯૯૮



**પરમાર વર્ષાબેન કેશરસિંહ**

પીએચ.ડી. રિસર્ચ સ્કોલર

પ્રાથમિક શિક્ષક, ખીંમત પ્રા.પે.કેન્દ્ર શાળા

તા. ધાનેરા, જિ.બનાસકાંઠા